# ફ્લિપકાર્ટે હિન્દી અને અંગ્રેજીમાં વોઈસ સર્ચ રજૂ કર્યું

## ગત વર્ષે ગ્રોસરીમાં ઇ-કોમર્સ કેન્દ્રિત વોઇસ આસિસ્ટન્ટ રજૂ કર્યા બાદ હવે રજૂ કરે છે, સર્ચ ક્ષમતા

બેંગ્લુરુ- 4લી માર્ચ, 2021, ફ્લિપકાર્ટ, દેશની હોમગ્રોન ઇ-કોમર્સ માર્કેટપ્લેસ, આજે તેના પ્લેટફોર્મ પર વોઈસ સર્ચ વિકલ્પને રજૂ કરે છે, જેનાથી ગ્રાહકો 80થી પણ વધુ શ્રેણીમાં 150 મિલિયન પ્રોડક્ટ્સમાંથી સ્પીર દ્વારા સર્ચ કરી શકશે. હાલમાં હિન્દી અને અંગ્રેજી ભાષામાં પ્રાપ્ય એવું વોઇસ સર્ચએ નાના શહેરોના ઓનબોર્ડિંગ ગ્રાહકોને વધુ ઝડપી અને સરળતાથી તેના ઇ-કોમર્સ પ્રવાસને ઝડપી બનાવશે.

ભારતના લગભગ 75 ટકાથી પણ વધુ વપરાશકર્તાઓ અંગ્રેજી નહીં બોલતા બેકગ્રાઉન્ડમાંથી આવે છે અને તેમાંથી પણ મોટાભાગના બીન શહેરી, ગ્રામ્ય વિસ્તારોના રહેવાસી છે, જેમના માટે ઇન્ટરનેટના લાભ ઉપરાંત ઇ-કોમર્સને એક્સેસ કરવ માટે ભાષાના અવરોધનો ઉકેલ લાવવો જરૂરી છે. બેઇન એન્ડ કંપની તથા ફ્લિપકાર્ટ દ્વારા 2020માં સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર, ટીયર-ટુ શહેરોમાં કુલ ઓનલાઈન શોપર્સના અડધાથી વધુ શોપર્સ તૈયાર છે અને અગ્રણી ઇ-રિટેલ પ્લેટફોર્મ પર દર પાંચ ઓર્ડરમાંથી ત્રણ ઓર્ડરનો ફાળો તેઓ આપે છે.

આ બાબતને ધ્યાને રાખીને, ફ્લિપકાર્ટએ વોઇસ સર્ચને રજૂ કરી છે, જે ગ્રાહકોને હિન્દી અને અંગ્રેજી તથા બંનેના મિશ્રણની સાથે અવાજના કમાન્ડના ઉપયોગ કરીને પ્રોડક્ટ શોધવા અને ખરીદવા માટે સક્ષમ બનાવશે. વોઇસ સર્ચએ યુઝર્સને પ્રોડક્ટ કેટલોગના વપરાશ જેમાં તેઓ એક કરતા વધુ કમાન્ડ જેવા કે, 'કાલા જુતા દિખાના' "સબ્ઝી કાટને વાલા દેના" વગેરેને પણ સક્ષમ બનાવશે. જેનાથી તેમના ઇ-કોમર્સ પ્રવાસ દરમિયાન થતા ઘર્ષણમાં ઘટાડો થશે.




### ભારત વપરાશકર્તા કુદરતી ભાષાના સર્ચની સાથે વધુ રાહત અનુભવે છે: ફ્લિપકાર્ટનો સર્વે

ઇન્ટરનેટ માટે નવા ગ્રાહકો કે ભારતને સમજવા માટે ફ્લિપકાર્ટ દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વે અનુસાર, તેમને ઓનલાઈન ખરીદી અને પ્રોડક્ટની સરળ શોધ માટે મદદની જરૂર છે. ઉપરાંત, અવાજ દ્વારા સર્ચએ કુદરતી અને ઝડપી બનશે, કેમકે એક સ્વતંત્ર અભ્યાસ અનુસાર, તે અંગ્રેજીમાં ટાઈપિંગ કરતા 3 ગણી ઝડપી છે અને હિન્દીમાં તે 5 ગણી ઝડપી છે.

ઇન્ટરનેટ પર નવા ગ્રાહકો માટે અવાજએ સ્પષ્ટતા, આત્મવિશ્વાસ અને આરામદાયી સ્થિતિ લાવવા માટે મહત્વનો ભાગ ભજવે છે. તે ફ્લિપકાર્ટની ક્ષમતામાં પણ સુધારો લાવશે જેનાથી આ નવા વપરાશકર્તાઓની જરૂરિયાતોને અસરકારક રીતે સમજી શકાય, જે મેટ્રો કે ટીયર-1 વપરાશકર્તા કરતા અલગ છે અને તેમના ઇ-કોમર્સ પ્રવાસને વધુ સરળ બનાવશે. આ ઉપરાંત તે વપરાશકર્તાઓને પણ એક શ્રેષ્ઠ તક આપે છે કે, તેઓ વપરાશકર્તાના આ નવા સેટની સાથે સંબંધ વિકસાવી શકે અને મોટા બજારમાં પ્રવેશવા માટેનો રસ્તો તૈયાર કરી શકે, જેનો લાભ સમગ્ર ભારતના રિટેલ ઇકોસિસ્ટમને થશે.

### ઇન-હાઉસ ટેક, જે કુદરતી ભાષાની વાતચીતને સક્ષમ બનાવશે

હિન્દી અને અંગ્રેજીમાં વોઇસ સર્ચને શરૂ કરીને ફ્લિપકાર્ટએ ટેકનિકલ ક્ષમતાને હોસ્ટ જમાવટ કરશે, જેમાં ઓટોમેટિક સ્પીચ રીકોગ્નિઝન, કુદરતી ભાષાની સમજણ અને ભારતીય ભાષા માટે ટેક્સ ટુ સ્પીચનો સમાવેશ થાય છે, જે ફ્લિપકાર્ટના ઇન-હાઉસ એન્જિરિંગય અને ડેટા સાયન્સીસ ટીમને સક્ષમ બનાવે છે. એક વખત એક વપરાશકર્તા એક કમાન્ડ આપી દે, તો ઓટોમેટિક રીતે સ્પીચની રિકોગ્નિશન અવાજને ઓળખી જશે અને તેને ટેક્સ્ટમાં ફેરવી નાખશે. અહીં કુદરતી ભાષાની સમજણ તેને ઓળખવાનો પ્રયત્ન કરશે અને આપેલા કમાન્ડમાંથી કીવર્ડને ઓળખશે. આ કીવર્ડને ફ્લિપકાર્ટના સ્ટેટ-ઓફ-ધ-આર્ટ સર્ચ એન્જીન દ્વારા ઉઠાવવામાં આવશે, જે એક જ સેકન્ડમાં ગ્રાહકોના પરિણામને તેની સામે લાવશે.

ફ્લિપકાર્ટના વોઇસ સર્ચમાં આ ટેકનોલોજીને જોડવામાં આવી છે, જેમાં તેની હાલની ટેક્સ્ટ આધારીત સર્ચ ક્ષમતાનો પણ સમાવેશ થાય છે, જે ફ્લિપકાર્ટના ડેટાની સાથે વર્ષોથી જોડાયેલી છે, તે એક શક્તિશાળી વોઈસ સર્ચ પ્લેટફોર્મ પૂરું પાડશે, જે કુદરતી ભાષાને સમજી શકશે અને વપરાશકર્તાને અલગ-અલગ ઉચ્ચારણમાં લાંબી તથા મુશ્કેલ પ્રશ્નોનો પણ ઉકેલ આપશે.

નવી ક્ષમતાને રજૂ કરવા અંગે જણાવતા, જેયાન્દ્રન વેણુગોપાલ, ચીફ પ્રોડક્ટ અને ટેકનોલોજી ઓફિસર, ફ્લિપકાર્ટ કહે છે, “એક હોમગ્રોન ઇ-કોમર્સ કંપની તરીકે, ફ્લિપકાર્ટ ભારતીય બજારની વૈવિધ્યતાને સમજે છે અને આ તે, આગામી 200 મિલિયન ઓનલાઈન વપરાશકર્તાના ઉકેલ માટે પ્રતિબદ્ધ છે, તે ઇ-કોમર્સને વધુ સક્ષમ બનાવવા માટે બધા વપરાશકર્તાની જરૂરિયાત પૂરી પાડે છે. વોઈસ સર્ચની સાથે, ફ્લિપકાર્ટની અન્ય પહેલ છે કે, તે ડિઝીટલ કોમર્સ અનુભવને નવા આવતા ઓનલાઈન શોપર્સ માટે વધુ સરળ, એક્સેસિબલ અને અડચણ રહીત બનાવી શકશે.”

વોઈસ સર્ચની ધીમી શરૂઆત આ વર્ષે જાન્યુઆરીથી જ થઈ ગઈ હતી, એક જ દિવસમાં 5 મિલિયન ક્વેરીની સાથે હાલનો ટ્રેન્ડ સમગ્ર દેશમાં આ પ્રભાવશાળી સ્વિકાર્યનો સાક્ષી બન્યો છે. વોઇસ સર્ચની રજૂઆતએ ગત વર્ષે ફ્લિપકાર્ટના ગ્રોસરી સ્ટોર માટે વોઇસ આસિસ્ટન્ટને રજૂ કર્યા બાદ આવ્યો છે. ગ્રાહકોની સાથે આ નવી ક્ષમતાને રજૂ કર્યાની સાથે હવે, વોઈસ કમાન્ડ્સના ઉપયોગ દ્વારા તેઓ એક કરતા વધુ ભાષામાં પ્રોડક્ટને શોધીને ખરીદી કરી શકશે, જેની શરૂઆત સમગ્ર પ્લેટફોર્મ પર હિન્દી અને અંગ્રેજી ભાષાની સાથે થઈ છે.

**About the Flipkart Group**

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and Flipkart Wholesale. Started in 2007, Flipkart has enabled millions

of consumers, sellers, merchants, and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 300 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratise e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem, and empower generations of entrepreneurs and MSMEs have inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market, and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

For more information, please contact media@flipkart.com